દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૧૩ નવેમ્બર, ૨૦૨૫

# બેંક, વીમા અને મ્યુ. ફંડમાં રહેલા બિનવારસી નાણાં મુદ્દે સરકાર પણ ગંભીર બને તે જરૂરી

એક તરફ આખી દુનિયા પૈસા માટે દોડાદોડી કરે છે તો બીજી તરફ એવી પણ સ્થિતિ છે કે 80 હજાર કરોડ રૂપિયાનું હાલમાં કોઈ જ ધણીધોરી નથી! સરકાર દ્વારા આ માટે અનેક વખત જાહેરાતો કરવામાં આવી પરંતુ આ નાણાં લેવા માટે કોઈ આવતું નથી. ભારતમાં બેંકો, વીમા કંપની અને મ્યુચ્યુઅલ ફંડોમાં આ રકમ બિનવારસી પડી છે. આ રકમ જેની છે તેના અસલી દાવેદારોને બની શકે છે કે જાણ નથી અને હાલમાં આ નાણાં જેની પાસે છે તેઓ વાપરી રહ્યા છે. જે તે સમયે જે તે વ્યક્તિ દ્વારા આ નાણાંનું રોકાણ કરવામાં આવ્યું હતું પરંતુ હવે આ નાણાંના કોઈજ વારસ નથી. તાજેતરમાં સેબીરજિસ્ટર્ડ રોકાણ સલાહકાર અભિષેક કુમારે સોશિયલ મીડિયા પર આ આંકડો શેર કર્યો ત્યારે તમામ ચોંક્યા હતા. આ નાણાં જેમના છે તેમના પરિવારોને ખબર જ નથી કે તેમના પરિવારના સભ્યોના નામે બેંક ખાતા, વીમા પોલિસી તેમજ મ્યુચ્યુઅલ ફંડમાં તેમના નાણાં જમા છે. એવું માનવામાં આવે છે કે કોમ્યુનિકેશનના અભાવે આ નાણાં હાલમાં જમા બોલાઈ રહ્યા છે. હાલમાં તો દરેક ખાતાઓમાં નોમિનીનું નામ ફરજિયાતપણે સમાવવામાં આવે છે પરંતુ ભૂતકાળમાં આવી સિસ્ટમ નહોતી. આ કારણે જે તે વ્યક્તિએ આ નાણાં જમા કરાવ્યા બાદ જ્યારે તેઓ મૃત્યુ પામે કે પછી તેઓ પોતાના ખાતાઓ ઓપરેટ કરવા માટે સક્ષમ નહીં હોય ત્યારે આ નાણાં લાવારીસ થઈ જાય છે. બેદરકારીને કારણે આ નાણાં અટવાઈ રહ્યા છે. એક મહિલાએ જ્યારે પોતાના પતિના રોકાણનો રેકોર્ડ તૈયાર કર્યો ત્યારે તેને ખબર પડી કે તેના મ્યુચ્યુઅલ ફંડમાં 15 લાખ રૂપિયા છે. અન્ય પરિવારની એવી હાલત થઈ હતી કે તેમના સભ્યના બેંક ખાતામાં નોમિનીનું નામ નહોતું. જેને કારણે આ સભ્યના મોત બાદ તેમના પરિવારને આ બેંક ખાતામાંથી નાણાં લેવામાં બે વર્ષ લાગી ગયા હતા. આ જ કારણે દરેક વ્યક્તિએ પોતાના બેંક ખાતાથી માંડીને જ્યાં જ્યાં પણ નાણાંનું રોકાણ હોય કે પછી નાણાંકીય બાબત હોય ત્યાં નોમિનીનું નામ ખાસ નોંધાવવું જોઈએ. હાલના સમયમાં લોકો દ્વારા વસિયતનામું બનાવવામાં આવે છે પરંતુ આ વસિયતનામું પણ ત્યારે જ માન્ય ગણાય કે જ્યારે તે કાનુની પ્રક્રિયા બાદ તૈયાર કરવામાં આવ્યું હતું. વસિયતનામામાં તમામ પ્રકારની વિગતો સમાવવી જોઈએ. વસિયતનામાં જો તમામ વિગતો સ્પષ્ટતા સાથે લખવામાં આવી હોય તો જ તેનો અર્થ સરે છે. નહીં તો વસિયતનામાનો કોઈ જ અર્થ રહેતો નથી. હવેનો સમય એવો છે કે ઈમરજન્સી ક્યારેય પણ આવી શકે છે. આ સંજોગોમાં નાણાં બિનવારસી નહીં પડે રહે તે જોવાની જવાબદારી જે તે રોકાણકારની પણ છે. જોકે, સાથે સાથે આ બિનવારસી નાણાં બાબતે સરકારે પણ થોડીક જવાબદારી લેવાની જરૂરીયાત છે. સરકાર જે તે નામની વિગતો મેળવીને તેની તપાસ કરીને જે તે વ્યક્તિના પરિવારને જાણ કરે તો આ નાણાં જે તે વ્યક્તિના પરિવારને આપી શકાય છે. સરકાર આ મુદ્દે હાથ જોડીને બેસી રહે તે ખોટું છે. જે તે વ્યક્તિએ ભલે પોતાના નોમિનીનું નામ આપ્યું નહીં હોય પરંતુ સરકારની એ ફરજ બને છે કે તેના મુળ માલિકને આ નાણાં પહોંચાડવામાં આવે. જો સરકાર ઈનિશિએટિવ લેશે તો જ તેનો ઉકેલ આવશે.

## જિંદગી જીવવાની મજા

રમીલાકાકીના ઘરે તેમનાં બહેનપણી યામિનીબહેન મળવા આવ્યાં. યામિનીબહેન સરસ તૈયાર થયેલાં હતાં પણ મોઢા પર ઘણો થાક વર્તાતો હતો. રમીલાબહેને પૂછ્યું, ‘‘કેમ થાકેલી લાગે છે?’’

યામિનીબહેને કહ્યું, ‘‘અરે, જવા દે ને વાત, સવારે જમવામાં કરેલાં-કાજુનું શાક બનાવવાનું હતું. બધાને મારા હાથનું જ શાક ભાવે એટલે તે બનાવ્યું પછી ઘરમાં તાજાં અથાણાં હોય કે બાર મહિનાનાં બધાં અથાણાં તો મારા હાથનાં જ બરાબર બને અને મને તે જ ભાવે. આજે મિક્સ શાકનું અથાણું બનાવ્યું અને મને મારો રૂમ પણ કોઈ સાફ કરે કે ગોઠવે તે ગમે નહિ એટલે બાઈ સાફ કરે તો પણ હું ફરી સાફસફાઈ કરું જ એટલે બધું કરીને જલ્દી જલ્દી તૈયાર થઈને નીકળી એટલે બપોરની ઊંઘ થઈ નથી એટલે મોઢા પર થાક લાગતો હશે.’’

રમીલાબહેન હસ્યાં અને બોલ્યાં, ‘‘સાચું કહું યામિની, આપણી દોસ્તીને આટલાં વર્ષો થયાં એટલે મોઢા પર કહી શકું છું કે તને જિંદગી જીવવાની મજા લેતાં જ નથી આવડતું...’’



યામિનીબહેનને બહેનપણીની કડવી વાત સાંભળવી ન ગમી એટલે તેમણે તરત પૂછ્યું, ‘‘કેમ આમ કહે છે. હું તો હજી પણ સરસ તૈયાર થઈને નીકળું છું. મનગમતું કામ કરું છું, હરવા -ફરવા જાઉં છું, બધા મારા વખાણ કરતાં થાકતાં નથી. મારા જેવાં અથાણાં કોઈ ન બનાવી શકે. બધાં આંગળાં ચાટતાં રહી જાય.તને ખબર છે ઘરમાં મહેમાન આવે તો મારા હાથની જ ચા માંગે અને મીઠાઈ પણ હું જ બનવું.’’

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

રમીલાબહેન ફરી હસતાં હસતાં બોલ્યાં, ‘‘યામિની, અહીં જ તારી ભૂલ થાય છે. હું જ બનાવું...મારા હાથનું જ બધાને ભાવે ...મારાથી જ બરાબર થાય...આ કામ મેં કર્યું ...તારી વાતોમાં હું... હું...હું પણું સતત છલકે છે. તને ખબર છે, આ જ તારી ભૂલ છે. બધું કામ તું કરે છે, થાકી જાય છે ...તું શરીર તોડીને કામ કરે અને કોઈ વખાણ ન કરે કે જશ ન આપે તો તને દુઃખ થાય છે. તારા આવા સ્વકેન્દ્રી અને હું જ બધું બરાબર કરું છું તેવા વર્તનથી ક્યારેક બીજાને માઠું લાગી શકે. વહુ દીકરીઓને તું કરવા જ ન દે તે કેમ ચાલે? તેમને શીખવાડ, બીજાની રીત જો ...ક્યારેક તું બધું છોડીને બેસ... ક્યારેક તું બીજાનાં વખાણ કર... જો મારું માન, આજથી જ ‘મેં કર્યું’....’હું જ કરી શકું’... ‘મારાથી જ બરાબર થાય’ તે વાક્યો, વિચારો અને વૃત્તિને ભૂલી જા, દરિયામાં ડુબાડી દે, પછી જો જીવન જીવવાની કેવી મજા આવશે.’’ રમીલાબહેને બહેનપણીને ભૂલ દેખાડી જિંદગી મોજથી જીવવાની રીત સમજાવી.

# દવાનાં રૂપમાં રહેલા દૈત્યને નાથવા માટે કોણ અવતરશે?

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

જર્મન સરમુખત્યાર હિટલરની નાઝી પાર્ટીના મુખ્ય પ્રચારક ગોબેલ્સનું નામ તેમના દ્વારા ફેલાવાયેલાં હડહડતાં જૂઠાણાં માટે કુખ્યાત છે. જો કે, હાલના વિવિધ દેશોના રીઢા, ક્રૂર અને સત્તાલોલુપ રાજકારણીઓની જૂઠાણાં ફેલાવવાની રીત એવી છે કે ગોબેલ્સ પણ શરમાઈ જાય. પણ અહીં વાત રાજકારણીઓની નથી. જૂઠાણાંનો પ્રચાર કરવામાં અને વારંવારના પ્રચારના મારા પછી તેને સત્ય તરીકે પ્રસ્થાપિત કરવામાં જાહેરખબર જગતના કેટલાક રાજકારણીઓને પણ આંટી દે એવા નીવડ્યા છે. રાજકારણમાં જાહેરખબરના ક્ષેત્રની વ્યક્તિઓની સેવા લેવાનું કદાચ એટલે જ આરંભાયું હશે.

‘દિવસમાં એક વાર છાંટવાથી દુર્ગંધ દૂર રહેશે’, ‘સ્વચ્છતા અને તાજગી પર ભાર’, ‘શુદ્ધિ અને સલામતીનું વેચાણ’, ‘સુરક્ષા પ્રથમ’ જેવાં સૂત્રો થકી અમેરિકન કંપની ‘જ્હોન્સન એન્ડ જ્હોન્સન’ પોતાનાં ઉત્પાદનોનું વેચાણ કરી રહી છે. સૌ જાણે છે એમ, ખાસ કરીને બાળકો માટેનાં તેનાં ઉત્પાદનો ઘણાં લોકપ્રિય છે. પણ આ વર્ષે (2025) પ્રકાશિત એક પુસ્તકના લેખકે આ કંપનીની અસલિયતને ઉજાગર કરી છે અને તેનો શેતાની ચહેરો ઉઘાડો કર્યો છે. મામલો કેવળ ચોંકાવનારો જ નહીં, જીવલેણ પણ છે. ‘ધ ન્યૂયોર્ક ટાઈમ્સ’ના ફાર્મા રિપોર્ટર ગાર્ડીનર હેરિસે ‘પેંગ્વિન’ દ્વારા પ્રકાશિત પોતાના પુસ્તક ‘ધ ડાર્ક સિક્રેટ્સ ઑફ જ્હોન્સન એન્ડ જ્હોન્સન’માં આ કંપનીની કુંડળી ચીતરી છે. ઈ.સ.1886માં સ્થપાયેલી આ કંપનીએ પોતે બનાવેલા બેબી પાઉડરના ઈ.સ.1918માં જાહેર ખબરની પ્રચંડ ઝુંબેશ આદરી. આ ઝુંબેશનો પ્રચાર એટલો પ્રભાવશાળી નીવડ્યો કે આજે એક સદી વીત્યા છતાં કંપનીનું નામ બાળસંભાળને લગતાં ઉત્પાદનોનું પર્યાય બની રહ્યું છે. અલબત્ત, 1970ના દાયકામાં કંપનીના ધ્યાનમાં આવ્યું કે તેના દ્વારા બનાવાતા બેબી પાઉડરમાં વપરાતા ટેલ્ક નામના ખનીજમાં એસ્બેસ્ટોસના અંશ ભળેલા હોય છે. એસ્બેસ્ટોસ એક જાણીતું કેન્સરકારક છે. એ પછી છેક 2020માં તે કેનેડા અને અમેરિકામાં અને 2023માં વિશ્વભરમાંથી આ ઉત્પાદન પાછું ખેંચી લેવામાં આવ્યું.

પુસ્તકના લેખક હેરિસને 2004માં શિકાગોના વિમાનીમથકે એક ફાર્માસ્યુટિકલ પ્રતિનિધિ સાથે અનાયાસે વાત નીકળતાં આ મામલે આગળ વધવાનું સૂઝ્યું હતું. તેઓ આગળ વધતા ગયા એમ જાણવા મળતું ગયું કે શી રીતે આ કંપનીએ અમેરિકાના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની આચારસંહિતામાં રહેલાં છીંડાંનો લાભ લઈને પોતાનાં ઉત્પાદનોને વિવાદથી દૂર રાખીને બજારમાં તરતાં રાખ્યાં હતાં. પોતાનાં ઉત્પાદનો બાબતે ફિકર વ્યક્ત કરતાં સંશોધનાત્મક અહેવાલ તૈયાર કરનાર વિવિધ વિજ્ઞાનીઓને જાતભાતની લાલચ આપીને એને દબાવી રાખવાનો કંપનીએ પ્રયત્ન કરેલો અને એમાં નિષ્ફળતા મળતાં એ સૌને બદનામ કરવા માટે ઝેરીલી પ્રચારઝુંબેશ પણ ચલાવેલી. ટેલ્ક ઉપરાંત કંપનીની વ્યાપક રીતે વેચાતી દવા ટાઈલેનમાં વારંવાર જોવા મળતી મલિનતા, એરિથ્રોપોઈટીન અને રીસ્પર્ડલ જેવી દવાઓની ઘાતક કહી શકાય એવી આડ અસરોને સિફતથી છુપાવી, એટલું જ નહીં, અમેરિકામાં વ્યસનકારક દવાઓ થકી સર્જાયેલી કટોકટીને વકરાવવામાં તેનો સિંહફાળો રહ્યો.

**1970ના દાયકામાં કંપનીના ધ્યાનમાં આવ્યું કે તેના બેબી પાઉડરમાં વપરાતા ટેલ્ક નામના ખનીજમાં એસ્બેસ્ટોસના અંશ ભળેલા છે. એસ્બેસ્ટોસ એક જાણીતું કેન્સરકારક છે. એ પછી છેક 2020માં તે કેનેડા અને અમેરિકામાં અને 2023માં વિશ્વભરમાંથી આ ઉત્પાદન પાછું ખેંચ્યું**

ખેદજનક વાત એ છે કે પ્રસાર માધ્યમો પણ આ બાબતે મૌન રહ્યાં. તેમણે દુર્લક્ષ સેવ્યું કે જાહેરાતોના જંગી મારા થકી તેમનો અવાજ દાબી દેવામાં આવ્યો. પ્રતિષ્ઠિત પત્રકારોને ગૂંચવીને, કેટલાક કિસ્સામાં તેમને ધમકાવીને આ કંપનીએ શી રીતે આ બધો ખેલ પાર પાડ્યો તેની વિગત હેરિસે દર્શાવી છે. પોતાની જ શરતોએ પ્રસાર માધ્યમો સાથે સંકળાઈને, વિવિધ પ્રસંગો કે પુરસ્કારોને પ્રાયોજિત કરી કરીને આ કંપની લગભગ અડધી સદીથી પોતાનાં દુષ્કૃત્યો પર ઢાંકપિછોડો કરતી આવી છે.

આ આખા મામલે મુખ્ય સવાલ સમસ્યાના અજ્ઞાનનો નથી, બલકે સમસ્યાની ઓળખ થવા છતાં ઈરાદાપૂર્વક તેના પર કરાતા ઢાંકપિછોડાનો છે.

બેબી પાઉડરમાં એસ્બેસ્ટોસ હોવાની જાણકારી મળ્યા પછી બીજી અનેક કંપનીઓએ ટેલ્કને બદલે અન્ય સલામત વિકલ્પ અપનાવવાનું છેક 1980ના દાયકાથી શરૂ કરી દીધેલું, પણ ‘જ્હોન્સન એન્ડ જ્હોન્સન’ આ જાણવા છતાં ધરાર ટેલ્ક પાઉડર બનાવતી રહી. બાળકોને આ પાઉડર છાંટતી વખતે મહિલાઓ પણ તેના સંપર્કમાં આવે છે, યા તેઓ પોતે પણ એ લગાવે છે. એસ્બેસ્ટોસના સંસર્ગને કારણે મહિલાઓમાં અંડાશયના કેન્સરનું પ્રમાણ વધી રહ્યું હોવાના પુરાવામાં વૃદ્ધિ થવા લાગી. આમ છતાં, વિવિધ સંશોધકો, કેન્સરનિષ્ણાતો, નાગરિક જૂથો તેમજ અસરગ્રસ્ત દર્દીઓના પ્રયાસો ચચ્ચાર દાયકા સુધી અણથક ચાલતા રહ્યા. આખરે છેક 2020માં એક મોટો મુકદ્દમો હારી જતાં અને રાષ્ટ્રવ્યાપી ટીકા થતાં કંપનીએ આ ઉત્પાદન અમેરિકા અને કેનેડામાંથી પાછું ખેંચ્યું. તેની દાંડાઈ જુઓ કે એ પછીય ત્રણ વર્ષ સુધી વૈશ્વિક બજારોમાં તેણે આ ઉત્પાદનનું વેચાણ ચાલુ રાખ્યું.

પોતાનાં ઉત્પાદન દર્દીઓ માટે જીવલેણ હોવાની જાણ છતાં કંપનીએ એ અંગેના પુરાવા ગુપ્ત રાખ્યા એ ખરું, પણ બીજાં મહત્ત્વનાં પાસાં પર હેરિસે પ્રકાશ પાડ્યો છે એ પણ જાણવા જેવો છે. મોટા ભાગની ફાર્મા કંપનીઓ જાણે છે કે દર્દીઓ સુધી પહોંચવાનો સૌથી આસાન માર્ગ છે ડૉક્ટરો. તેઓ આ કંપનીની દવાઓ દર્દીઓને લખી આપે એટલા સારું ડૉક્ટરોને અપાતાં વિવિધ પ્રલોભનો, ઉપરાંત પોતાનાં ઉત્પાદનોની તરફદારી કરતાં લેખો લખાવીને તેને ઓછાં જાણીતાં પ્રકાશનોમાં પ્રકાશિત કરાવવાના નુસખા બહુ પ્રચલિત છે. આવી એક કંપની, પોતાના ગ્રાહકોને થતા નુકસાનને સરેઆમ અવગણીને, જાતભાતના હથકંડા અપનાવીને, દેશના નિયમન તંત્રને ઝાંસામાં નાખીને માત્ર ને માત્ર નફાખોરી માટે આ કક્ષાએ ઊતરી શકે છે એ જાણીને ખેદ તો થાય, સાથે એક નાગરિક તરીકે લાચારી પણ અનુભવાય કે માનવજીવનું મૂલ્ય આવાં લોકો માટે સાવ નગણ્ય છે અને કોઈ તેમને કશું કરી શકતું નથી. આ તો અમેરિકાની વાત થઈ. આ જ કંપનીએ ભારતમાં કરેલાં કારનામા પર પણ એક પુસ્તક હમણાં પ્રકાશિત થયું છે. તેની વાત આગામી સપ્તાહે.

**(માહિતી સહયોગઃ જગદીશ પટેલ)**

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# પંચમ જ્યોર્જના દિલ્હી દરબારમાં સયાજીરાવઃ મરાઠો ઈ મરાઠો

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

બ્રિટનના રાજા પંચમ જ્યોર્જ ભારતની મુલાકાતે આવ્યા ત્યારે ૧૯૧૧માં એમનું અભિવાદન કરવા માટે દિલ્હીમાં દરબાર ભરાયો હતો. દરેક દેશી રજવાડાએ બ્રિટીશ સાર્વભૌમત્વના સ્વીકારરૂપે આ દરબારમાં હાજરી આપવાની હતી અને રાજવી તરીકેના એમના ચોક્કસ યુનિફોર્મ (સેરીમોનીયલ ડ્રેસ) પહેરવાનો હતો. મંચ પર જઈ રાજા સામે ત્રણ વખત નીચા નમી કુર્નીશ બજાવવાની હતી અને ત્યાર બાદ રાજા તરફ પીઠ નહીં ફેરવતાં પાછા પગલે પાછા હટી પોતાની જગ્યાએ જવાનું હતું. મહારાજા સયાજીરાવ ગાયકવાડ આમેય સ્વતંત્ર મિજાજ ધરાવતા રાજવી હતા. પોતે પણ એક રાજા અને તે બ્રિટનના પંચમ જ્યોર્જ સામે આ રીતે કુર્નીશ બજાવે તેમાં સયાજીરાવને પોતાનું સ્વમાન હણાતું લાગ્યું. આમ છતાંય દીવાનની અંગત સલાહ હતી કે દિલ્હી દરબારમાં નહીં જવાથી કામ વગરનું બ્રિટીશ સત્તા સાથે સંઘર્ષ ઊભો થશે એટલે સયાજીરાવ ગયા તો ખરા પણ એમનો વિશિષ્ટ રાજવી પોશાક ન પહેરતાં સાદા પોશાકમાં અને પોતાની સત્તાના પ્રતીક સમી તલવારને બદલે હાથમાં બેટન લઈને તેઓ પંચમ જ્યોર્જ સામે ઉપસ્થિત થયા.

આટલું જેમ પૂરતું ન હોય તે રીતે એમણે માત્ર એક જ વખત ડોકું નીચું નમાવીને એમને સન્માન આપ્યું, જેમાં ગંભીરતાનો અભાવ હતો અને ત્યાર બાદ પંચમ જ્યોર્જ સામે પીઠ ફેરવીને એ પાછા વળી ગયા. આ બનાવને બ્રિટીશ અધિકારીઓએ રાજવી પંચમ જ્યોર્જના અપમાન સમાન ગણ્યો અને તેઓ પોતાના રૉયલ ડ્રેસમાં હાજર ન રહ્યા તે પ્રત્યે પણ અણગમો વ્યક્ત કર્યો. આ બનાવ બાદ બ્રિટીશરોનું વલણ વડોદરા રાજ્ય પ્રત્યે પૂર્વગ્રહિત અને કડવાશપૂર્ણ બન્યું. ૧૨ ડિસેમ્બરની આ ઘટનામાં રાજા પંચમ જ્યોર્જ અને ક્વીન મેરી હાજર હતાં અને ભારતના રાજા તરીકે દિલ્હી દરબારમાં એમનો રાજ્યાભિષેક થયો તે પ્રસંગે પહેલી વાર રાજ્યકર્તા બ્રિટનનાં રાજારાણી દિલ્હી દરબારમાં હાજરી આપવા માટે આવ્યાં. આ માટે આખા દેશમાં ઉજવણીઓ થઈ. પંચમ જ્યોર્જના દીર્ઘાયુ માટેની પ્રાર્થનાઓ સ્કૂલનાં બાળકો પાસે પણ ગવડાવવામાં આવી.

દિલ્હી દરબારના ૧૨ ડિસેમ્બર, ૧૯૧૧ના દિવસે યોજાયેલ રાજ્યારોહણ પ્રસંગે કિંગ જ્યોર્જ પાંચમાને ધારણ કરવા માટે ખાસ ‘ઈમ્પીરીઅલ ક્રાઉન’ થકી પદસ્થાપિત કરવા માટે અને એ રીતે તેમને સમગ્ર ભારતના રાજાનું બિરુદ આપવા માટે જે તાજ બનાવવામાં આવ્યો હતો તેની તે વખતે કિંમત ૬૦,૦૦૦ પાઉન્ડ (જે ૨૦૨૩ની કિંમતે ૭૭ લાખ પાઉન્ડ થાય) ખર્ચીને બનાવવામાં આવ્યો હતો અને તેનું કુલ વજન ૯૨૦ ગ્રામ હતું. એ તાજમાં ૬૧૭૦ હીરા, ૯ માણેક, ૪ રૂબી અને ૪ સેફાયર જેવાં રત્નો જડેલાં હતાં જેમાંથી મુખ્ય ૩૨ કેરેટનું એમરલ્ડ હતું. આટલો મોંઘો તાજ દિલ્હી દરબાર સમયે માથા પર ત્રણ કલાક માટે પહેરીને બેસી રહેતાં પંચમ જ્યોર્જને પરસેવો વળી ગયો હતો અને એ પહેરી રાખવો એમને માટે અસુવિધાજનક હતું. શ્રી ચં. ચી. મહેતા એમના પુસ્તક ‘બાંધ ગઠરિયા’, ભાગ-૧-૨ (સંયુક્ત આવૃત્તિ)ના પાન ૫૬-૫૭ પર આ આખાય પ્રસંગનું વર્ણન આ પ્રમાણે કરે છે. સરઘસમાં ફરવાની મઝા પહેલવહેલી બીજા દાયકાની શરૂઆતમાં અનુભવી. ‘રક્ષ ભૂપ જ્યોર્જને તું હે જગત્પતિ!’ કોણ જાણે કોઈ વફાદાર અધિકારીએ અંગ્રેજી ગીતનો તરજૂમો બધી નિશાળમાં ફેરવ્યો હતો ને અમે આખા સુરત શહેરનાં નિશાળિયાંઓ હાથમાં વાવટા લઈ ‘રક્ષ ભૂપ’નું ગીત ગાતા ને ‘હિપ હિપ હુરરરે’ કરતાં રાણીના બાગમાં એકઠા થવા સરઘસના આકારમાં જતા હતા. દિલ્હીમાં રાજા ગાદીએ બેસનાર હતો, તેનો અમે ‘કોરોનેશન ડે’ ઉજવતા હતા. થોડી રમતો, પેંડાનું પડીકું, ત્રણ-ચાર દિવસની છુટ્ટી અને ઉપરથી નફામાં કાંસાનો એક ચાંદ!

તે દિવસે સૌથી વધારે આનંદ તો ખરેખરો માસ્તરોનો હતો. નગીનદાસ કાજી અને જરદોસ માસ્તરોએ રાતોરાત બેસીને જાતજાતના નિયમો ઘડી કાઢ્યા હતા. કેટલા વાગ્યે હાજર થવું, કેમ ઊભા રહેવું, કેમ ચાલવું, શું બોલવું, કેમ સલામ કરવી, રસ્તે કેમ વર્તવું વગેરેની જાતજાતની નોંધો એમણે તૈયાર કરી હતી. રસ્તે હારમાં જરા પણ ભંગાણ પડે યા ગરબડ થાય કે માસ્તરસાહેબનું પિત્ત ઊછળી આવતું. વફાદારીની એવી ધગશ પછી ફરીથી ન્યાળવાનો પ્રસંગ જિંદગીમાં આવ્યો જ નહિ.

**દરબારમાં તખ્ત સામે એક ઠોકરે સર સયાજીરાવે જાગ્રત કરેલી સ્વમાનની ભાવના હિન્દીવાનોના હૃદયમાં ઠીક પ્રમાણમાં સોંસરી પેસી ગઈ, એટલું જ નહિ પણ ફરીથી એવો દરબાર ભરવાની બ્રિટિશ સરકારની હિંમત પણ ખૂટી ગઈ**

પણ એ પ્રસંગ ઊકલી જતાં, મામાજી ઓટલે બેસી સોની મહાજનને કંઈ કંઈ નવાજૂની સંભળાવતા. એમાંની એક - અનેક વાર એમણે કહેલી, તે તો હજી યાદ છે. ‘જેકીશનભાઈ! ગમે તેમ કહો, પણ આપણો ગાયકવાડ તે જો; હવે સતાવવાનો.’ ‘તે બધાને સયાજીરાવ પહોંચી વળશે. શું કરે, છોકરાઓને ગાદીવારસાનું હજી પત્યું નથી, નહિ તો એ તો સામી ખિલાવી દેત.’ પછી તો જાતજાતનાં ગપ્પાં ચાલતાં. અંગ્રેજ સરકારે એની પાસે ખુલાસો માગ્યો; પતાવટ માટે કોઈ વચ્ચે પડેલું; ગાયકવાડ. બસ, સલામ કરીને પૂંઠ કરીને ચાલવા માંડ્યું! સયાજીરાવ મહારાજ એટલે શું? એ કંઈ એમ રાજાને અદબ કરી પાછે પગે ચાલે નહિ. અસલનું ગરમ લોહી, તે તપી આવ્યું અને પેલા સામા જોતાં જ રહી ગયા. એ તો શું કરે, અંગ્રેજ સરકાર રાજ ઝૂંટવી લે તેમાં; નહિ તો એ દરબારમાં હાજર જ નહિ થાત. મરદબચ્ચો! અસલ મરાઠો તે કંઈ એમ નમે?’ ‘પણ છોટાભાઈ, આ સાલો અંગ્રેજ છે બહુ ખરાબ. અને એવી અનેક અફવાઓ. પણ તે દિવસથી બધામાં શ્રીમંત સર સયાજીરાવ ગાયકવાડ સરકાર માટે અનહદ માન પેદા થયેલું. રાજા તો એ જ.

તે દિવસે દશેરાની સવારીમાં જે અદાથી સયાજીરાવ મહારાજને જોયેલા એ મરાઠો એમ સહેલાઈથી નમતું જોખે, એ માની જ શકાતું નહોતું. ૧૯૧૧માં રાજાઓને આવી નાલેશીભરી રીતે નમાવવાની બેહૂદી મગરૂરી બ્રિટિશ અમલદારોએ ન કરી હોત તો ત્યાર પછી છત્રીસે વર્ષે તખ્ત છોડવા વખત આવ્યો તે કદાચ થોડો મોડો આવત. એવો દબદબાભર્યો એ પ્રકારનો દરબાર દિલ્હીમાં એ છેલ્લો જ ભરાયો અને એ દરબારમાં તખ્ત સામે એક ઠોકરે સર સયાજીરાવે જાગ્રત કરેલી સ્વમાનની ભાવના હિન્દીવાનોના હૃદયમાં ઠીક પ્રમાણમાં સોંસરી પેસી ગઈ, એટલું જ નહિ પણ ફરીથી એવો દરબાર ભરવાની બ્રિટિશ સરકારની હિંમત પણ ખૂટી ગઈ.’ જો કે આગળ જતાં બ્રિટીશ સરકારે આ આખાય પ્રસંગને ભૂલી જઈને સને ૧૯૧૯માં સર સયાજીરાવ ગાયકવાડને GCIEનો ઈલ્કાબ આપેલો. કહેવાનું તાત્પર્ય એ છે કે, ગભરાઈ-ગભરાઈને જીવવાથી કોઈ ફાયદો નથી. સયાજીરાવે વ્યવહાર જાળવ્યો પણ સ્વમાન ન ગુમાવ્યું એનો આ દાખલો ઈતિહાસના પાને અમર રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ટીકુ બચી ગયો

હમણાં ગુજરાતી ફિલ્મોનો ‘‘સુવર્ણકાળ’’ ચાલે છે! દર શુક્રવારે સિનેમાહોલમાં લગભગ 2 થી 3 ફિલ્મો આવતી હોય છે. જો કે એમાંની કેટલી ફિલ્મો હોલમાં લાંબો સમય ચાલે છે એની ચર્ચા અહીં કરવી નથી! ચર્ચા કરવી છે તાજેતરમાં આવેલી ગુજરાતી ફિલ્મ ‘‘મિસરી’’ની! ફિલ્મનાં કલાકારોએ ફિલ્મના પ્રમોશન માટે અમદાવાદના વ્યસ્ત માર્ગો ઉપર ‘‘બાઈક સ્ટંટ’’ કર્યા! આમાં ફિલ્મના અન્ય કલાકારો સાથે ગુજરાતી તખ્તા અને ફિલ્મી તેમ જ હિંદી ફિલ્મના પીઢ કલાકાર ટીકુ તલસાણિયા પણ શામેલ હતા! આ એક નવું ગાંડપણ શરૂ થયું છે! હિંદી ફિલ્મોનાં પ્રમોશનો જોઈ, ગુજરાતી ફિલ્મોવાળાને પણ ચસ્કો લાગ્યો છે, પણ ઘણી વાર દેખા-દેખીમાં ગંભીર ભૂલ થઈ જતી હોય છે જે અહીં પણ થઈ! આ સ્ટંટનો વીડિયો વાયરલ થતાં જ અમદાવાદ પોલીસે કાર્યવાહી કરી તમામ ‘‘સ્ટંટબાજો’’ને પોલીસ ચોકીમાં બોલાવી કાયદાની મર્યાદા સમજાવી, કડક ભાષામાં ચીમકી આપી, અલબત્ત કલાકારોની પ્રતિષ્ઠા જોતાં ધરપકડ ના કરી! એકાદ - બે ફિલ્મો હીટ જતાં તમે ‘‘સુપરસ્ટાર’’ બની જતાં નથી એ કલાકારોએ યાદ રાખવું જોઈએ! ટીકુ તલસાણિયા જેવા પીઢ કલાકારો જ્યારે કાયદો તોડે ત્યારે આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે! ખેર, ટીકુભાઈને આ સ્ટંટ બદલ જેલ ના થઈ એટલે એમના જ એક ગુજરાતી નાટકનું ટાઈટલ અત્રે પ્રસ્તુત છેઃ ‘‘ને....બચુ બચી ગયો.’’

**સુરત - ભાર્ગવ પંડ્યા**

## સરકારે પણ ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવું જોઈએ

છેવટે ગુજરાતી ફિલ્મોને ગુજરાતી પ્રેક્ષકોએ સ્વીકારી લીધી અને વધાવી લીધી. વર્ષો પહેલાં પણ એક ખાસ વર્ગ હતો કે જે ગુજરાતી ફિલ્મો પાછળ ઘેલો થતો હતો. સાધુ-સંતો, ભગવાન અને રાજાઓના જીવન પર ફિલ્મો બનતી હતી. તે સમયે શહેરી વર્ગ એમ વિચારતો હતો કે ગુજરાતી ફિલ્મોમાં શું જોવાનું? રમેશ મહેતાની કોમેડીના ગ્રામ્યજનો દિવાના હતા. રમેશ મહેતાના ગયા પછી ગુજરાતી ફિલ્મોમાં તેના જેવો હાસ્ય કલાકાર ન આવ્યો પણ મલ્ટીપ્લેક્ષની દુનિયામાં સિદ્ધાર્થ રાંદેરીયા આવતાં ગુજરાતી ફિલ્મોમાં નવો યુગ શરૂ થયો. પહેલાં ગુજરાતી ફિલ્મોમાં કરમુક્તિ જાહેર કરીને ગુજરાત સરકાર પ્રોત્સાહન આપતી હતી તેમ અત્યારે પણ લાલો જેવી ફિલ્મને જીએસટીમાંથી મુક્તિ આપીને ગુજરાતી ફિલ્મને પ્રોત્સાહન આપવું જોઈએ. થિયેટરમાં જોવામાં મજા પડે તેવી ફિલ્મો આવતી હોવાથી લોકો થિયેટરમાં ફિલ્મો જોતા કરવા સરકારે સહકાર આપવો જોઈએ. જેથી ફિલ્મ બનાવનારને પણ ઉત્તમ કક્ષાની ફિલ્મ બનાવવાનું પ્રોત્સાહન મળે. જોકે આજની તારીખે મલ્ટીપ્લેક્ષમાં અંગ્રેજી ફિલ્મો ઓછી જોવા મળે છે તેનું સ્થાન ગુજરાતી ફિલ્મોએ લીધું એ આનંદની વાત છે. આપણે એવી આશા રાખીએ કે સાઉથની ફિલ્મોની જેમ ગુજરાતી ફિલ્મો પણ અન્ય ભાષામાં ડબ થાય અને ગુજરાતી ફિલ્મો દેશ અને દુનિયામાં નામ કાઢે. આમ પણ ગુજરાત બધામાં આગળ છે તો ગુજરાતી ફિલ્મો પણ આગળ આવે તે માટે સરકાર પ્રયત્નો કરે એવી અપેક્ષા. જય જય ગરવી ગુજરાત.

**ગોડાદરા, સુરત - પ્રવિણ પરમાર**

## વિદેશોમાં વસતા ભારતીયો ત્યાં કેમ અળખામણા થઈ રહ્યા છે?

વિદેશમાં વસતા ઘણાં ભારતીયોએ હમણાં થોડા સમયથી એમના ધાર્મિક તહેવારો જાહેરમાં ઉજવવાનું ચાલુ કર્યુ છે, જેની સામે જે તે દેશના મૂળ નિવાસીઓ ઉગ્ર પ્રતિભાવ આપતા દેખાઈ રહ્યા છે, ઈરાનથી આપણા દેશમાં આવી વસેલા પારસીઓ એનો ઉત્તમ દાખલો છે. જેમનો વહેવાર કે એમના ધાર્મિક તહેવાર આજદીન સુધીમાં કદી ચર્ચામાં આવ્યા નથી કે એમને કારણે કદી ફરિયાદ નથી થઈ. આ પરંતુ હાલ થોડા સમયથી વિકસિત દેશોમાં નોકરી-ધંધા માટે જતા બીનનિવાસી ભારતીયોએ એમની સંખ્યામાં વધારો થતા જે તે દેશના ઘણાં મૂળભુત નિવાસીઓની લાગણી દુભાય એ રીતે ધાર્મિક-સામાજિક કાર્યક્રમોનું જાહેરમાં આયોજન કરવા માંડ્યુ છે, જે ત્યાંના બધા મૂળભુત નિવાસીઓને પસંદ નથી પડતુ, એ કારણે તેમજ સ્થાનિક નિવાસીઓના નોકરી-ધંધા પણ છીનવાઈ રહ્યા હોવાનું દેખાતા એના પ્રત્યાઘાત સ્વરૂપે યુ.એસ.એ. અને કેનેડાના સત્તાધારીઓએ એનો પ્રત્યાઘાત આપવાનુ ચાલુ કરી ઈમીગ્રન્ટ અંગેના કાયદાઓમાં સુધારા કરી ત્યાં વસતા બીનનિવાસી ભારતીયોની હકાલપટ્ટી કરવા વીઝાના નિયમો અને ચકાસણી વધુ કડક કરી નવા વિઝા આપવાનુ ઓછુ કર્યુ છે. આજ દેશોમાં ભારત સિવાય અન્ય દેશોના લોકો પણ રહે છે પરંતુ એમના પ્રત્યે સ્થાનિક લોકોનું વલણ એટલુ બદલાયુ દેખાતુ નથી. જે બતાવે છે કે ભારતીયો પ્રતિ જે નફરત પ્રદર્શિત થવા માંડી છે એ આજે નહીં તો કાલે ભારતીયો માટે સમસ્યા ઉગ્ર બનવાની શક્યતાને નકારી ન શકાય.

**પાલ, સુરત - હિતેન્દ્ર ભટ્ટ**

## ક્યાં સુધી દેશને છેતરશો?

દેશ સુરક્ષિત હાથોમાંની ફાંકા ફોજદારી વચ્ચે દેશની છાતી સમા દિલ્હીમાં અને દેશનું હૃદય કહી શકાય એવા લાલ કિલ્લાની નજીક કારમાં વિસ્ફોટ થયો અને 9 થી વધુ લોકોના મૃત્યુ થયા અને કેટલાય લોકો ઘાયલ થયાં. ઘટના બનીને તરત રાબેતા મુજબ ‘કોઈને છોડીશું નહીં’ના હાકલા સંભળાવા લાગ્યાં. દેશ ખરેખર રામ ભરોસે ચાલી રહ્યો હોય તેવું પ્રતીત થઈ રહ્યું છે. મોદી સરકારનો ફક્ત એક જ એજન્ડા છે કે એનકેન પ્રકારેણ ચૂંટણી જીતવી અને સત્તામાં ચોંટી રહેવું છે. ક્યાંક ચૂંટણી હોય ત્યારે જ આવા ધડાકા કેમ થાય છે? એની પાછળનું કારણ પ્રજા બરાબર સમજી ગઈ છે. આટલી માત્રામાં વિસ્ફોટક પદાર્થ છેક દિલ્હી સુધી કઈ રીતે પહોંચ્યો એ અંધભક્તો સિવાય બધાને સમજમાં આવે છે. 26 /11 ના મુંબઈના તાજ હોટલ પર થયેલા હુમલામાં શિવરાજ પાટીલ અને વિલાસરાવ દેશમુખ તથા આર. આર. પાટીલે જવાબદારી સ્વીકારતા રાજીનામાં ધરી દીધા હતા. દિલ્હીમાં થયેલા વિસ્ફોટ સબબ જવાબદારોના રાજીનામાં પડશે ખરાં? દેશની રાજધાની એવા દિલ્હીમાં આટલો મોટો આતંકવાદી હુમલો થયો હોવા છતાંય વડાપ્રધાન ભૂતાન નીકળી ગયાં. દેશમાં જ્યારે આવી આફત સમી દુર્ઘટનાઓ બને ત્યારે વિદેશ ગયેલા વડાપ્રધાને પણ ત્વરિત દેશમાં પરત આવી જવું પડે.

**સુરત - પ્રેમ સુમેસરા**

## ક્યારે અટકશે આ ઊંચી ટકાવારીની ઘેલછા?

બોર્ડ પરીક્ષાનું સમયપત્રક જાહેર થઈ ગયું. અત્યાર સુધી શાંતિથી ઊંઘતા સૌ કોઈ સફાળા જાગશે અને ઊંચા પરિણામ માટે દોડશે. આ દોડ એવી હશે કે જેમાં શાળા કક્ષાએ લેવાતી પરીક્ષામાં પાંચ કે છ વિષયોનો ટોટલ પણ 27 ન થતો હોય એણે પણ જોતરાવું પડશે. વધુને વધુ વિદ્યાર્થીઓ A1 ગ્રેડમાં આવે, શાળાનું પરિણામ ઊંચું આવે તે માટે મોટીવેશનલ સ્પીકર્સ તેડાવાશે. આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય! આગોતરું આયોજન જરૂરી છે. નિયમિત, રોજેરોજ બાળકોને પ્રેરિત કરતાં રેહવું જરૂરી છે. ‘યાદ રહે, રમતવીરો સ્પર્ધા ના હોય તો પણ નિયમિત પ્રેક્ટીસ કરતાં જ રહે છે.’ એક બાળકના બોર્ડ પરીક્ષામાં 95% આવે છે છતાં પેરેન્ટ્સ ખુશ નથી! કારણ અપેક્ષા 98%ની હતી! કેવી વિચિત્રતા? અહીં બાળકની સ્થિતિ શું હશે? બાળકની કોઈને ચિંતા નથી. કદાચિત વાલીની અપેક્ષા 90%ની હોત તો! અપેક્ષા જ ન રાખીએ તો! તો..તો ખુશીઓ વધુ હોત. બાળકેન્દ્રી બનવું જરૂરી નથી લાગતું? ક્યારે અટકશે આ ઊંચી ટકાવારીની ઘેલછા? શિક્ષણમાં ટકાવાળીની દોડ બંધ થશે તો બાળક અને શિક્ષણ સાથે જોડાયેલા સૌ રાહત અનુભવશે. જેટલી મોટી અપેક્ષા એટલો મોટો અસંતોષ. રજનીશ કહે છે, અસંતોષની એક કેમિસ્ટ્રી છે. જેટલો મોટો અસંતોષ જોઈતો હોય એટલી મોટી અપેક્ષા રાખવી પડે. બાળકોને બચાવવા કંઈક અલગ વિચારવું પડશે. બાકી આ આંધળી દોટનો કોઈ અંત નથી!

**સુરત - અરૂણ પંડ્યા**

## સુરતનો પોંક, ઊંધ્યુ અને સાલમપાક

રાંદેરના પોંક સાથે સુરતની સેવ રાખો, કુંભારિયાના કેળાનો ખાવ જરા કટકો, ભાઠાના રીંગણ અને પાપડી કતારગામની, પાપડીનું ઊંધ્યુ અને રીંગણનો લચકો, અડદિયુ, મેથી અને મુસરી સાલમપાક, ખાય એની કમરમાં નહીં આવે વચકો, કહે દાસ બહાદુર ખાવો, પીઓ ને મોજ કરો, શ્વાસથી જો અટકો તો બધે થી લટકો. આ પંક્તિ સાહિત્યકાર દાસ બહાદુર વાઈવાળાની છે. આ એ જમાનામાં, રચાયેલી પંક્તિ છે, જ્યારે રાંદેરમાં જુવારના ખેતરો હતાં અને કુંભારિયામાં કેળાના. આજે કતારગામમાં પાપડીના ખેતરો રહ્યા નથી, નથી રહ્યા ભાઠામાં રીંગણના, અડદિયુ, મેથી અને સાલમપાકના ભાવ સાંભળતા જ શિયાળાની સવારમાં ગરમાટો આવી જાય, એટલે પહેલાના વડીલો કહીં ગયા કે ખાધેલું, પીધેલુ જ સાથે આવશે, કેમકે એ જમાનાની હરિયાળી આજે રહી નથી, એ માત્ર સાહિત્ય કૃતિના પાનાં પર તવારીખ બની ને રહી ગઈ.

**સુરત- દિવ્યેશ કુમાર ફૈજાભગત**